UGVCL

# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૫૦, એપ્રિલ - જુલાઈ ૨૦૧૯



## શ્રી સૌરભભાઈ પટેલ દ્વારા સ્માર્ટ ગ્રીડ પ્રોજેક્ટનું લોકાર્પણ



## યુજીવીસીએલ કંપનીએ જીત્યો પીટીસી એક્સેલન્સ એવોર્ડ

# આ અંકમાં


**અંક–૫૦**
**એપ્રિલ – જુલાઈ ૨૦૧૯**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**
શ્રી મહેશ સિંઘ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી મિતેષ વૈષ્ણવ, સિનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**તંત્રી મંડળ**
શ્રી એન. સી. મકવાણા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી પી.બી, પંડ્યા, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ) એન્ડ સી.એફ.ઓ.
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી જી.એચ. એન્જિનીયર, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એલ. એફ. ડાભી, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી વી. એમ. શ્રોફ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એલ. એ. ગઢવી, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.


cccell@ugvcl.com
managercc@ugvcl.in
mitesh@ugvcl.in


## આ અંકમાં


**સ્માર્ટ ગ્રીડ**

» શ્રી સૌરભભાઈ પટેલ દ્વારા સ્માર્ટ ગ્રીડ પ્રોજેક્ટનું લોકાર્પણ.............................. ૦૪

**એવોર્ડ**

» યુજીવીસીએલ કંપનીએ જીત્યો પીટીસી એક્સેલન્સ એવોર્ડ...................... ૦૬

**ઉજવણી**

» આંતરરાષ્ટ્રીય યોગદિવસની ઉજવણી........... ૦૮

**લોકાર્પણ**

» દેશોતર પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ...... ૧૦

**શ્રદ્ધાંજલિ**

» યુજીવીસીએલ દ્વારા શહીદ વીર
» જવાનોને શ્રદ્ધાંજલિ........................... ૧૧

**ઉદ્‌ઘાટન**

» ઇકબાલગઢ પેટા વિભાગીય કચેરીની
» નવીન ઓફિસનું ઉદ્‌ઘાટન...................... ૧૨

**વિદાય સમારંભ**

» વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર શ્રી જી. આર. યાદવ, અધિક્ષક ઈજનેર માટે યોજાયો વિદાય સમારંભ........................ ૧૩

» વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર શ્રી સી. સી. ગાંધી, વિશેષ મુખ્ય ઈજનેર માટે યોજાયો વિદાય સમારંભ........................ ૧૪

## સંદેશ



વીજ ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન લાવવામાં ભારત સરકાર દ્વારા રચાયેલ પીટીસી ઇન્ડિયા લિમિટેડનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે. આવી ગૌરવવંતી કંપની દ્વારા આપણી કંપનીને શ્રેષ્ઠતાનો પુરસ્કાર મળે એ આપણા સૌ માટે આનંદનો અવસર છે.

**પ્રિય કર્મચારી મિત્રો,**

સૌથી પહેલાં તો આપણી કંપનીએ ગૌરવવંતો પીટીસી એક્સેલન્સ એવોર્ડ જીત્યો એ બદલ આપ સૌને મારા હાર્દિક અભિનંદન.

આપણી કંપનીના દરેક સ્તરના કર્મચારીઓ અને અધિકારીઓના સર્વશ્રેષ્ઠ યોગદાન થકી આપણી કંપની ઉત્તરોત્તર પ્રગતિના નવાં સોપાનો સર કરી રહી છે અને રાષ્ટ્રીય સ્તરે સન્માનિત થઈ રહી છે એ આપણા સૌ માટે અત્યંત ગૌરવની વાત છે.

આ તબક્કે હું એ પણ ખાસ કહેવા માંગું છું કે આપ સૌ પરિવારજનોના હૂંફાળા સહકારને કારણે જ આ કંપની પ્રત્યેની પોતાની જવાબદારીઓ પૂર્ણ નિષ્ઠાથી બજાવી શકો છો. કંપનીની દરેક સિદ્ધિમાં આપ સૌના પરિવારજનોના યોગદાનની પણ હું સહર્ષ નોંધ લઉં છું.

વીજક્ષેત્રમાં લાંબા ગાળાનાં પગલાંઓને કારણે આજે આપણા દેશમાં ગામે ગામ વીજ પૂરવઠાની સ્થિતિ ઘણી સંતોષજનક બની છે. આ ક્ષેત્રે ખાનગી કંપનીઓનું રોકાણ પણ વધી રહ્યું છે અને પરિણામે આજે આવી એવી સ્થિતિ આવીને ઊભી છે કે આપણો દેશ પડોશી દેશોને પોતાની વીજળી વેચી શકે છે.

વીજ ક્ષેત્રે આ નોંધપાત્ર પરિવર્તન લાવવામાં ભારત સરકાર દ્વારા રચાયેલ પીટીસી ઇન્ડિયા લિમિટેડનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે. આવી ગૌરવવંતી કંપની દ્વારા આપણી કંપનીને શ્રેષ્ઠતાનો પુરસ્કાર મળે એ આપણા સૌ માટે આનંદનો અવસર છે.

મિત્રો, આપણા રાજ્યમાં ચોમાસું વિલંબ પછી હવે સક્રિય બની રહ્યું છે. પાછલા વર્ષોમાં આપણો અનુભવ રહ્યો છે તેમ ચોમાસા દરમિયાન અમુક વિસ્તારોમાં અણધારી અતિવૃષ્ટિને કારણે વીજ પુરવઠાને ગંભીર અસર પહોંચે છે. પરંતુ આવી દરેક આફત વખતે આપણાં સૌ કર્મચારીઓએ દિવસ-રાત જોયા વિના પૂર્ણ નિષ્ઠાથી પોતાની ફરજ બજાવી છે. આગામી દિવસોમાં આપણે આવી કોઈ પણ આફત માટે તૈયાર રહીએ અને વ્યક્તિગત સલામતી જાળવવા સજાગ રહીએ એવી મારી ખાસ અપેક્ષા છે.

શુભેચ્છાઓ સાથે.

**મહેશ સિંઘ,** આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# શ્રી સૌરભભાઈ પટેલ દ્વારા સ્માર્ટ ગ્રીડ પ્રોજેક્ટનું લોકાર્પણ

**કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંહ, આઈ.એફ.એસ. દ્વારા શ્રી સૌરભભાઈ પટેલનું પુષ્પગુચ્છથી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.**





તારીખ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ માનનીય ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના સ્કાડા સેન્ટર, ગાંધીનગર ખાતે રિબન કાપીને સ્માર્ટ ગ્રીડ પાઇલટ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંહ, આઈ. એફ. એસ. દ્વારા શ્રી સૌરભભાઈ પટેલનું પુષ્પગુચ્છથી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એન.સી. મકવાણા, મુખ્ય ઈજનેર (પી.) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઇનાન્સ) સી.એફ. ઓ. શ્રી આર. બી. કોઠારી, અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા જીનસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી સૌરભભાઈ પટેલ, શ્રી મહેશ સિંહ તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

અધિક્ષક ઈજનેર (આઈ. ટી. ઇ. એમ. સી.) શ્રી વાય. એ. પરમાર દ્વારા સ્માર્ટ ગ્રીડ પ્રોજેક્ટ અંગે શ્રી સૌરભભાઈ પટેલ અને શ્રી મહેશ સિંહ સમક્ષ પ્રેઝન્ટેશન કર્યું હતું અને પ્રોજેક્ટ અંગે પ્રશ્નોના જવાબ પણ આપ્યાં હતાં.

નરોડા, અમદાવાદ ખાતે સ્માર્ટ ગ્રીડ પાઇલટ પ્રોજેક્ટના અમલથી લાભાર્થી ગ્રાહકોને પણ સમજ કેળવાય અને તેમના પ્રશ્નોને વાચા મળે તે અર્થે શ્રી સૌરભભાઈ પટેલ અને શ્રી મહેશ સિંહ દ્વારા તેમની અનુભવો અંગે જાણકારી મેળવી હતી.

સ્માર્ટ ગ્રીડ પાઇલટ પ્રોજેક્ટ એ ઉત્તર ગુજરાત વીજ કંપની ની પહેલ છે જેના દ્વારા એક સ્માર્ટ ગ્રીડ સિસ્ટમ ઊભી કરવામાં આવશે. આ સિસ્ટમ થકી ટીડી લોસ ઘટાડી શકાશે, ગ્રાહકોને પારદર્શી વીજ વિતરણ વ્યવસ્થાનો અનુભવ થશે અને વીજ ગેરરીતિ રોકવામાં સહાયક પુરવાર થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર દેશમાં ઉત્તર ગુજરાત વીજ કંપની એ સૌથી પહેલા સ્માર્ટ ગ્રીડ પ્રોજેક્ટને અમલી કરેલ છે.






સ્માર્ટ ગ્રીડ એક અદ્યતન ઇલેક્ટ્રિક ગ્રીડ છે, જે સાથે નવી ટેક્નોલોજી વાળા મીટર જોડાયેલા હશે અને આ મીટર દ્વારા ગ્રાહકો પોતાનો વીજ વપરાશ દિવસના અલગ અલગ સમય પ્રમાણે સસ્તા કે મોંઘા દરે મેળવવા અંગે પોતાની જરૂરિયાત નક્કી કરી શકશે.

આ પ્રોજેક્ટના કારણે કંપનીના મીટર રીડર્સ તથા અન્ય કર્મચારીઓને મીટર રાઈડિંગ અર્થે સાઈટ વિઝીટ કરવી નહિ પડે, જેથી સમય અને પૈસાની બચત થશે. કંપનીને ચોક્કસ મીટર રીડિંગ મળશે, જેથી વીજ વપરાશની સાચી માહિતી મળી શકશે.

વીજ બિલના નાણાં ચુકવેલ ના હોય તેવા વીજ ગ્રાહકોને ચુકવણી કરવા માટે જાણકારી આપવી, કનેક્શન કાપવા પહેલાં જાણ કરવી તેમજ વીજ કનેક્શન કાપવા કે ફરી જોડાણ કરવા (રીકનેક્શન) માટેની કામગીરી પણ ખૂબ જ સરળતાપૂર્વક કરી શકાશે.

અંતે શ્રી સૌરભભાઈ પટેલ, શ્રી મહેશ સિંહ તથા ઉચ્ચ અધિકારીશ્રીઓએ આ પ્રોજેક્ટના સેટઅપની મુલાકાત લીધી હતી અને ઓપરેશનલ મિકેનિઝમની જાણકારી મેળવી હતી.

સાબરમતી વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી વી. એમ. શ્રોફના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમનું સંચાલન કાર્યપાલક ઈજનેર માલાબેન શાહ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. ■

# યુજીવીસીએલ કંપનીએ જીત્યો પીટીસી એક્સેલન્સ એવોર્ડ

**યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંહ, આઈએફએસ અને ચીફ એન્જિનીયર (ઓપરેશન) શ્રી જે. એલ. ભટ્ટે કંપની વતી આ પ્રતિષ્ઠિત એવોર્ડ સ્વીકાર્યો હતો.**

તારીખ ૧૫ જુલાઈ, ૨૦૧૯ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ કંપનીએ બેસ્ટ ડિસ્કોમ્સ કેટેગરીમાં પીટીસી એક્સેલેન્સ એવોર્ડ જીત્યો.

પીટીસી ઈન્ડિયા દ્વારા, કન્વેન્શન સેન્ટર, હોટેલ અશોકા, નવી દિલ્હી ખાતે યોજાયેલા ૨૦મા વાર્ષિક દિન કાર્યક્રમમાં, યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંહ, આઈએફએસ અને ચીફ એન્જિનીયર (ઓપરેશન) શ્રી જે. એલ. ભટ્ટે કંપની વતી આ પ્રતિષ્ઠિત એવોર્ડ સ્વીકાર્યો હતો.

આ એવોર્ડ સમારોહના મુખ્ય અતિથિ શ્રી આર. કે. સિંહ, માનનીય ઊર્જા અને નવીન તથા નવીકરણીય ઊર્જા (ઇન્ચાર્જ) મંત્રીશ્રી, ઊર્જા મંત્રાલય, ભારત સરકારના વરદ હસ્તે અપાયો હતો

ભારત સરકારના ઊર્જા મંત્રાલયના સચિવશ્રી તરીકે કાર્યરત શ્રી આનંદ કુમાર ભલ્લા, આઈએએસ, સમારંભના વિશેષ અતિથિ હતા.

પીટીસી ઈન્ડિયા લિમિટેડની એપ્રિલ ૧૯૯૯માં રચના થઈ હતી. ખાનગી પાવર પ્રોજેક્ટ ડેવલપર્સને ક્રેડિટ રિસ્ક મિટિગેશન પૂરું પાડી શકે તેવી એક સંસ્થાની જરૂરિયાતને પગલે પીટીસી ઈન્ડિયા લિમિટેડની સ્થાપના થઈ હતી. એક તબક્કે, જ્યારે કોઈ ખાનગી કંપની આ ક્ષેત્રમાં પ્રવેશવા તૈયાર નહોતી ત્યારે સરકારે આ કંપનીની રચનાની




પહેલ કરી હતી

પીટીસી ઈન્ડિયાની સ્થાપના ઊર્જા કાર્યક્ષમતા સિદ્ધ કરવા માટે ઊર્જાનું ટ્રેડિંગ કરવા, પુરવઠાની સલામતી ઊભી કરવા અને દેશમાં ધબકતું ઊર્જા બજાર ઊભું કરવા માટે કરવામાં આવી હતી. આથી, પીટીસીના મુખ્ય ત્રણ કાર્યઆદેશ છેઃ

- હાલનાં સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરવો અને એક સંપૂર્ણ કાર્યક્ષમ અને સ્પર્ધાત્મક ઊર્જા બજાર ઊભું કરવું
- ભારતીય ઊર્જા ક્ષેત્રમાં ખાનગી મૂડીરોકાણ આકર્ષવું
- પડોશી દેશો સાથે ઊર્જાનો વેપાર શરૂ કરવો

આ ક્ષેત્રમાં કંપનીની બુનિયાદી પ્રથમ સેવાઓને કારણે ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩માં પાવર ટ્રેડિંગ ને એક નિશ્ચિત લાઇસન્સ્ડ એક્ટિવિટી

તરીકે ઓળખ મળી. પીટીસી સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (સીઇઆરસી) તરફથી કેટેગરી વન લાઇસન્સ ધરાવે છે. આ સૌથી ઊંચી કેટેગરી છે જેમાં અમર્યાદિત પ્રમાણમાં ટ્રેડની મંજૂરી મળે છે. પીટીસીએ તેની સ્થાપનાથી સૌથી વધુ બજાર હિસ્સો જાળવી રાખ્યો છે અને તેનાં નવીન ઉત્પાદનો તથા સેવાઓને કારણે પેદા થતા પારવના લાંબા ગાળાના ટ્રેડિંગ તથા દેશના વિવિધ ભાગોમાં, અનિવાર્યપણે માંગ અને પુરવઠામાં ઊભા થતા અંતરને કારણે ટૂંકા ગાળાના ટ્રેડિંગનો પણ સમાવેશ થાય છે.

આ એવોર્ડની જ્યૂરીના સન્માનનીય સભ્યોએ એકમતથી યુજીવીસીએલની આ એવોર્ડના વિજેતા તરીકે પસંદગી કરી હતી. જ્યૂરીમાં નીચેના મહાનુભાવોનો




પાછલાં ૧૬ વર્ષના કાર્યકાળમાં તે પ્રથમ ક્રમે છે.

પીટીસી એ સફળ જાહેર-ખાનગી ભાગીદારીનું એક અનોખું ઉદાહરણ છે, જેમાં તેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં વૈવિધ્યપૂર્ણ પ્રતિનિધિત્વને કારણે તેની પારદર્શી વહીવટી પ્રક્રિયાઓની દિશા અને ગતિ નક્કી થાય છે.

પીટીસી કંપનીએ ભારતમાં ઊર્જા બજાર ઊભું કરવાની પહેલ કરી છે અને તે વિવિધ ટ્રેડિંગ પ્રવૃત્તિઓ હાથ ધરે છે, જેમાં વિશાળ પાવર પ્રોજેક્ટ્સમાં સમાવેશ થતો હતો

- શ્રીમતી સુષ્મા નાથ, આઇએએસ (ભૂતપૂર્વ ખર્ચ સચિવશ્રી, ભારત સરકાર)
- શ્રી પી. ઉમાશંકર, આઇએએસ (ભૂતપૂર્વ ઊર્જા સચિવશ્રી, ભારત સરકાર)
- શ્રી રાકેશ નાથ (ભૂતપૂર્વ ચેરમેનશ્રી, સીઇએ)
- શ્રી એસ. કે. ચતુર્વેદી (ભૂતપૂર્વ સીએમડી, પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ)

## આ એવોર્ડના મહત્ત્વપૂર્ણ પેરામીટર્સ

વર્ષ ૨૦૧૧થી પાવર ફાઇનાન્સ કોર્પોરેશન દ્વારા દેશની વીજ વિતરણ કંપનીઓના કોમ્પ્રીહેન્સિવ ઇન્ટીગ્રેટેડ ડિસ્કોમ રેટિંગ્સ પ્રકાશિત થાય છે, જેમાં અગાઉના છ વર્ષના એમ. આઈ.એસ. અંતર્ગત છેલ્લા ચાર વર્ષમાં ઉત્તર ગુજરાત વીજ કંપની પ્રથમ રહેલ હતી, જેના કારણે પી.ટી.સી. ઇન્ડિયાની નામાંકિત જ્યુરીના સભ્યોએ આપણી યુજીવીસીએલ કંપનીના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે ''બેસ્ટ ડિસ્કોમ''ની કેટેગરીમાં એવોર્ડ આપ્યો હતો.

પેરામીટર્સમાં સામેલ છે :

- એટીસી લોસ ૧૦% થી ઓછો પ્રતિ વર્ષ
- કેશ કલેક્શન એફીસીયંસી
- કોસ્ટ રિફલેક્ટિવ ટેરિફ
- અછ૭ માટે ની ઋઊિછઈ સમક્ષ યોગ્ય પિટિશન્સ
- એક્યુરેટ મીટરિંગ ડેટા તથા એનર્જી ઓડિટ
- કેપિટલ સ્ટ્રક્ચર, ઇક્વીટી, કેશ સપોર્ટ, લોન, ફાઇનેન્શિયલ સસ્ટેનિબીલીટી
- યોગ્ય કોસ્ટ રિકવર કરતુ ઋક્કછઈ એડજસ્ટમેન્ટ
- પ્રોગ્રેસિવ આઉટલૂક ■




# આંતરરાષ્ટ્રીય યોગદિવસની ઉજવણી

**યોગાભ્યાસ માટે શ્રી પાર્થ પંચાલને યોગશિક્ષક તરીકે આમંત્રિત કરવામાં આવ્યાં હતાં. શ્રી પંચાલે ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓને વિવિધ યોગાસનો / પ્રાણાયામનો અભ્યાસ કરાવ્યો હતો.**

૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગદિવસ તરીકે વિશ્વભરમાં પ્રમાણિત કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ગુજરાત સરકારશ્રી અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમીટેડની સૂચના પ્રમાણે આંતરરાષ્ટ્રીય યોગદિવસ નિમિત્તે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ, આઈ. એફ. એસ.ના માર્ગદર્શન હેઠળ મહેસાણા કેમ્પસ ખાતે આંતરરાષ્ટ્રીય યોગદિવસ ઉજવવામાં આવ્યો હતો. જેના




સંદર્ભે તા. ૨૧ જૂન ૨૦૧૯ના રોજ સવારે ૭ વાગ્યાથી ૮ વાગ્યા સુધી યોગ શિબિરનું આયોજન કોર્પોરેટ ઓફિસ અને મહેસાણા વર્તુળ કચેરીના પ્રાંગણ ખાતે કરવામાં આવ્યું હતું.

સદર કાર્યક્રમમાં મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એન. સી. મકવાણા, મુખ્ય ઈજનેર (પીપી) શ્રી પી. બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાયનાન્સ) અને સી. એફ. ઓ. શ્રી આર.

બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (એચ. આર.) શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રી એસ. એ. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક) શ્રી વી. એમ. શ્રોફ તેમજ અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને યોગાભ્યાસ કર્યો હતો.

**કાર્યક્રમની શરૂઆતમાં મેનેજિંગ ડિરેક્ટરશ્રી તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.**

કાર્યક્રમની શરૂઆતમાં મેનેજિંગ ડિરેક્ટરશ્રી તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

યોગાભ્યાસ માટે શ્રી પાર્થ પંચાલને યોગશિક્ષક તરીકે આમંત્રિત કરવામાં આવ્યાં હતાં. શ્રી પંચાલે ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓને વિવિધ યોગાસનો / પ્રાણાયામનો અભ્યાસ કરાવ્યો હતો અને તેના મહત્ત્વ વિશે સમજ આપી હતી, જે મુજબ દરેક શિબિરાર્થીએ લયબદ્ધ રીતે યોગાસન કર્યા હતાં.

યોગ શિબિરની પુર્ણાહુતી બાદ હાજર તમામ અધિકારીશ્રીઓ અને








કર્મચારીગણ માટે લીંબુ શરબત તેમજ ફળાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ યોગ શિબિરનું આયોજન અધિક્ષક ઈજનેર (મહેસાણા) શ્રી જી. એચ. એન્જિનીયર તથા મહેસાણા વર્તુળ કચેરીની ટીમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. ■

# દેશોતર પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ



તા. ૦૭/૦૩/૨૦૧૯ના રોજ દેશોતર પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ યુજીવીસીએલના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંહ, આઈ. એફ. એસ. દ્વારા રિબન કાપીને કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અધિક્ષક ઈજનેર (ટેક.) શ્રી જે. કે. દરજી, અધિક્ષક ઈજનેર (હિંમતનગર) શ્રી એલ. એફ. ડાભી તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ/કર્મચારીઓ અને આમંત્રિત મહેમાનો હાજર રહ્યાં હતાં. મેનેજિંગ ડિરેક્ટરશ્રીના વરદ હસ્તે નવીન કચેરીની તખતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ઇડર વિભાગીય કચેરી હેઠળ સમાવિષ્ટ દેશોતર પેટાવિભાગીય કચેરીના આ કાર્યક્રમની શરૂઆતમાં વિધિસર



મંત્રોચ્ચાર વિધિ કરવામાં આવી હતી.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા ગ્રાહકોને અનુલક્ષીને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડવા બાબતે તેમજ કચેરીની મુલાકાતે આવતા ગ્રાહકોને સારી સુવિધા મળી રહે તે અંગે અનુરોધ કરવામાં આવ્યો હતો તેમજ લોકાભિમુખ વહીવટ થાય એવી અપેક્ષા સેવાઈ હતી.

અંતે મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને અભિનંદન સાથે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી. ■

# યુજીવીસીએલ દ્વારા શહીદ વીર જવાનોને શ્રદ્ધાંજલિ

તા. ૧૪/૦૨/૨૦૧૯ના રોજ પુલવામા ખાતે આંતકવાદીઓ દ્વારા કરવામાં આવેલ પ્રાણઘાતક હુમલામાં ૪૪ જેટલા વીર જવાનો શહીદ થતા સમગ્ર દેશ શોકાતુર થઈ ગયેલ હોઈ સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનાર જવાનવીરો પ્રત્યેનું ઋણ અદા કરવા યુજીવીસીએલ દ્વારા તા.

શ્રી પી.બી. પન્ડ્યા, જનરલ મેનેજર (ફાયનાન્સ) & સી.એફ.ઓ. શ્રી



કાયમી દિવ્યાંગ થયેલ સૈનિકોના કુટુંબીજનોના લાભાર્થે કંપનીના અધિકારી/કર્મચારીગણ દ્વારા રૂા. ૬,૫૯,૪૭૪/- (અંકે રૂપિયા છ લાખ ઓગણસાઈઠ હજાર ચારસો ચુંમોતેર પુરાં) જેટલી રકમનો ફાળો સ્વૈચ્છિક રીતે એકત્ર કરવામા આવેલ.

સદર ફાળો શહીદોના માનમાં





૧૫/૦૨/૨૦૧૯, શુક્રવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવા કોન્ફરન્સ હોલ, રજીસ્ટર્ડ કચેરી, મહેસાણા ખાતે સર્વે અધિકારીશ્રીઓ/કર્મચારી ભાઈ-બહેનોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવેલ.

જેના અનુસંધાને સાંજે ૫.૩૦ કલાકે યુજીવીસીએલના માન. મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના વડપણ હેઠળ કોન્ફરન્સ હોલ ખાતે મુખ્ય ઇજનેર (ઓપ) શ્રી એન. સી. મકવાણા, મુખ્ય ઇજનેર (પી) આર. બી. કોઠારી તેમજ ખૂબ જ મોટી સંખ્યામાં અધિકારીશ્રીઓ/કર્મચારીઓએ હાજર રહી દિવગંત વીર જવાનોને શ્રદ્ધાંજલી આપી બે મિનિટ મૌન પાળી જવાનોના આત્માની શાંતિ માટે તથા તેમના પરિવારજનોને આ દુઃખ અને આપતિનો સામનો કરવા માટે શક્તિ આપે તેવી પ્રાર્થના કરેલ.

વધુમાં, ૭મી ડિસેમ્બર "Armed Force Flag Day" અંતર્ગત દેશના સુરક્ષા અને અખંડિતતા માટે ફરજ બજાવતા શહિદ થયેલ/નિવૃત્ત થયેલ/

તેમના પરિવારને સહાય અર્થે માન. મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ, ભૂતપુર્વ મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી., જનરલ મેનેજર (ફાયનાન્સ) & સી. એફ. ઓ. શ્રી આર. બી. કોઠારી અને વિશેષ મહાપ્રબંધક (એચ. આર.) શ્રી એ. સી. પ્રજાપતિ દ્વારા રૂબરૂમાં "Sainik Welfare Resettlement, Gujarat State"ના ખાતામાં જમા કરવા અર્થે ગુજરાત રાજ્યના એડિશનલ ચિફ સેક્રેટરી, શ્રી એ. એમ. તિવારી, આઇ. એ. એસ.ને અર્પણ કરવામા આવેલ. ■

# ઈકબાલગઢ પેટા વિભાગીય કચેરીની નવીન ઓફિસનું ઉદ્‌ઘાટન






તારીખ ૦૨ મે ૨૦૧૯ના રોજ યુજીવીસીએલના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ, આઈ. એફ. એસ.ના વરદ હસ્તે ઈકબાલગઢ પેટાવિભાગીય કચેરીની નવીન ઓફિસનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત રહેવા માટે બનાસકાંઠા જિલ્લાના કલેકટર શ્રી સંદીપ જે. સાગલે, આઈ. એ. એસ. તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી. એ. શાહ, આઈ. એ. એસ.ને વિશેષ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી શાહ આપણી કંપનીના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર તરીકે રહી ચૂકેલ છે.

કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એન. સી. મકવાણા, મુખ્ય ઈજનેર (પી.) શ્રી પી. બી. પંડયા, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, અધિક્ષક ઈજનેર (ટેક) શ્રી જે. કે. દરજી, પાલનપુર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી એલ. એ. ગઢવી તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ કર્મચારી ભાઈઓ બહેનો હાજર રહ્યા હતા.

સ્થાનિક લોકપ્રતિનિધિઓ તેમજ ગ્રાહકમિત્રોને પણ આ પ્રસંગે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

પાલનપુર વર્તુળ કચેરીના તાબા હેઠળ આવતી પાલનપુર-૨ વિભાગીય કચેરી અંતર્ગત ઈકબાલગઢ પેટા વિભાગીય કચેરીની નવનિર્મિત ભવનના લોકાર્પણ પ્રસંગે આમંત્રિત અતિથીશ્રીઓનું પુષ્પગુચ્છથી ઉષ્માભર્યું ઉપસ્થિત અધિકારીશ્રીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યાર બાદ વિધિવત રીતે, મેનેજિંગ ડિરેક્ટર શ્રી સિંઘ દ્વારા નવીન કચેરીની રિબન કાપીને પેટાવિભાગીય કચેરી જાહેર જનતા માટે ખુલ્લી મુકવામા આવી હતી.

કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું. ■

# વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર શ્રી જી. આર. યાદવ, અધિક્ષક ઈજનેર માટે યોજાયો વિદાય સમારંભ



તારીખ ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની કોર્પોરેટ ઓફિસ ખાતે અધિક્ષક ઈજનેર (ક્યુ.સી.સી.) તરીકે ફરજ બજાવતા શ્રી જી. આર. યાદવની વય મર્યાદાના કારણે થતી નિવૃત્તિને સન્માનવા માટે બપોરે ૪.૩૦ કલાકે કોન્ફરન્સ હોલ, રજી. કચેરી, મહેસાણા ખાતે વિદાય સમારંભ યોજાયો હતો.

**વિદાય સમારંભમાં શ્રી એ. સી. પ્રજાપતિએ પુષ્પગુચ્છથી શ્રી જી. આર. યાદવને આવકાર્યા હતા. શ્રી જી. આર. યાદવને શ્રીફળ, સાકર અને ચાંદીનો સિક્કો અર્પણ કરી શ્રી એસ. એ. પટેલે અને શ્રી જે. એલ. ભટ્ટે સન્માનિત કર્યા હતા.**



શ્રી જી. આર. યાદવ વય મર્યાદાના કારણે રજી. કચેરી, મહેસાણાથી ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ નિવૃત્ત થયા.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (પી) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઈનાન્સ) અને સી. એફ. ઓ. શ્રી આર. બી. કોઠારી, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (એચ. આર.) શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રી એસ. એ. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેર (કોમર્સ) શ્રી જે. એલ. ભટ્ટ, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રી એસ. એ. પટેલ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનોએ ઉપસ્થિત રહીને નિવૃત્ત થનાર શ્રી જી. આર. યાદવને સારા સ્વાસ્થ્ય માટે અને પ્રવૃત્તિમય જીવન પસાર કરવા શુભેચ્છાઓ આપી હતી.

વિદાય સમારંભમાં શ્રી એ. સી.

પ્રજાપતિએ પુષ્પગુચ્છથી શ્રી જી. આર. યાદવને આવકાર્યા હતા. શ્રી જી. આર. યાદવને શ્રીફળ, સાકર અને ચાંદીનો સિક્કો અર્પણ કરી શ્રી એસ. એ. પટેલે અને શ્રી જે. એલ. ભટ્ટે સન્માનિત કર્યા હતા. શ્રી પી. બી. પંડ્યાએ પ્રશસ્તિપત્ર આપીને શ્રી જી. આર. યાદવની સેવાઓને બિરદાવી હતી.

શ્રી આર.બી. કોઠારીએ ચેક અર્પણ કરી નિવૃત થનાર શ્રી જી.આર. યાદવને શુભકામનાઓ પાઠવી હતી. શ્રી પી.બી. પંડ્યાએ શાલ ઓઢાડીને નિવૃત થનાર શ્રી જી.આર. યાદવને સન્માન આપ્યું હતું.

સમારંભમાં શ્રી જી.આર. યાદવે પોતાના કાર્યકાળ દરમિયાન બનેલા મહત્વના પ્રસંગોને વર્ણવ્યા હતા અને પોતાના સંસ્મરણો યાદ કર્યા હતા તેમજ અન્ય અધિકારીશ્રીઓએ શ્રી જી.આર. યાદવ સાથે કરેલ કામગીરી અંગેના સુખદ અનુભવો વર્ણવ્યા હતા.



ત્યાર બાદ કોર્પોરેટ ઓફિસની પરંપરા પ્રમાણે નિવૃત્તિ સમારંભમાં હાજર તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓને આઈસક્રીમ ખવડાવી વિદાય સમારંભની પુર્ણાહુતી કરવામાં આવી હતી અને શ્રી જી. આર. યાદવને ભાવ-સભર વિદાય આપવામાં આવી હતી. ■

# વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર શ્રી સી. સી. ગાંધી, વિશેષ મુખ્ય ઈજનેર માટે યોજાયો વિદાય સમારંભ

તારીખ ૩૦ માર્ચ ૨૦૧૯ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની કોર્પોરેટ ઓફિસ ખાતે વિશેષ મુખ્ય ઈજનેર (ટેકનિકલ) તરીકે ફરજ બજાવતા શ્રી સી. સી. ગાંધીની વય મર્યાદાના કારણે થતી નિવૃત્તિને સન્માનવા માટે બપોરે ૪.૩૦ કલાકે કોન્ફરન્સ હોલ, રજી. કચેરી, મહેસાણા ખાતે વિદાય સમારંભ યોજાયો હતો.

શ્રી સી. સી. ગાંધી વય મર્યાદાના



**સમારંભમાં શ્રી સી. સી. ગાંધીએ પોતાના કાર્યકાળ દરમિયાન બનેલા મહત્ત્વના પ્રસંગોને વર્ણવ્યાં હતાં અને પોતાના સંસ્મરણો યાદ કર્યા હતાં તેમજ અન્ય અધિકારીશ્રીઓએ શ્રી સી. સી. ગાંધી સાથે કરેલ કામગીરી અંગેના સુખદ અનુભવો વર્ણવ્યાં હતાં.**

કારણે રજી. કચેરી, મહેસાણાથી ૩૦ માર્ચ ૨૦૧૯ના રોજ નિવૃત્ત થયા.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એન. સી. મકવાણા, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (એચ. આર.) શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ) શ્રી એસ. એ. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેર (કોમર્સ) શ્રી



જે. એલ. ભટ્ટ, ચીફ ફાયનાન્સ મેનેજર શ્રી રાજેન્દ્ર એમ. જૈન તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનોએ ઉપસ્થિત રહીને નિવૃત્ત થનાર શ્રી સી. સી. ગાંધીને સારા સ્વાસ્થ્ય માટે અને પ્રવૃત્તિમય જીવન પસાર કરવા શુભેચ્છાઓ આપી હતી.

વિદાય સમારંભમાં શ્રી એ. સી. પ્રજાપતિએ પુષ્પગુચ્છથી શ્રી સી. સી. ગાંધીને આવકાર્યા હતા. શ્રી સી. સી. ગાંધીને શ્રીફળ, સાકર અને ચાંદીનો સિક્કો અર્પણ કરી શ્રી જે. એલ. ભટ્ટે સન્માનિત કર્યા હતા. શ્રી એન. સી. મકવાણાએ પ્રશસ્તિપત્ર આપીને શ્રી સી. સી. ગાંધીની સેવાઓને બિરદાવી હતી.

શ્રી રાજેન્દ્ર એમ. જૈને ચેક અર્પણ કરી નિવૃત થનાર શ્રી સી. સી. ગાંધીને શુભકામનાઓ પાઠવી હતી. શ્રી એસ. એ. પટેલે શાલ ઓઢાડીને નિવૃત્ત થનાર શ્રી સી. સી. ગાંધીને સન્માન આપ્યું હતું.

સમારંભમાં શ્રી સી.સી. ગાંધીએ પોતાના કાર્યકાળ દરમિયાન બનેલા મહત્ત્વના પ્રસંગોને વર્ણવ્યાં હતાં અને પોતાના સંસ્મરણો યાદ કર્યા હતાં તેમજ અન્ય અધિકારીશ્રીઓએ શ્રી સી. સી. ગાંધી સાથે કરેલ કામગીરી અંગેના સુખદ અનુભવો વર્ણવ્યાં હતાં.

ત્યાર બાદ કોર્પોરેટ ઓફિસની પરંપરા પ્રમાણે નિવૃત્તિ સમારંભમાં હાજર તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓને આઈસક્રીમ ખવડાવી વિદાય સમારંભની પુર્ણાહુતી કરવામાં આવી હતી અને શ્રી સી. સી. ગાંધીને ભાવ-સભર વિદાય આપવામાં આવી હતી. ■

**સમારંભમાં શ્રી સી.સી. ગાંધીએ પોતાના કાર્યકાળ દરમિયાન બનેલા મહત્ત્વના પ્રસંગોને વર્ણવ્યાં હતાં તેમજ અન્ય અધિકારીશ્રીઓએ શ્રી સી. સી. ગાંધી સાથે કરેલ કામગીરી અંગેના સુખદ અનુભવો વર્ણવ્યાં હતાં.**

# કરીએ વીજળીની બચત,
# હર ઘર થશે રોશનીથી ઝગમગ!




સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

UGVCL

## આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.


cccell@ugvcl.com
managercc@ugvcl.in
mitesh@ugvcl.in